પાવાગઢની ઘટના બાદ સ્થાનિક સમાજ પર આંગળી ચિંધાતી હોવાનો આક્ષેપ : સુરક્ષાની માંગ

વ્યંઢળ સમાજનું આંદોલન: 'બહારથી આવતા અજાણ્યા તત્વો સામે કાર્યવાહી કરો'

માસીબા સમાજ સામે ઊભી થયેલી મુશ્કેલીઓ અને અસલામતી સામે આગેવાનો મેદાને



(પ્રતિનિધિ) વડોદરા,તા.4

વડોદરાના બરાનપુરા વિસ્તારમાં માસીબા સમાજ દ્વારા આંદોલન અને વિરોધ પ્રદર્શન શરૂ કરાયું છે. પાવાગઢની ઘટના બાદ વડોદરા શહેરમાં માસીબા સમાજ સામે ઊભી થયેલી મુશ્કેલીઓ અને અસલામતીના પ્રશ્ને સમાજના આગેવાનો મેદાને આવ્યા છે.

વડોદરા શહેરના બરાનપુરા ખાતે વ્યંઢળ સમાજનાં વરિષ્ઠ આગેવાન અંજુ માસી સહિતના આગેવાનોએ આક્રમક રજૂઆત કરી હતી. આગેવાનોનું કહેવું છે કે, વડોદરા શહેર અને આસપાસના વિસ્તારમાં માસીબા સમુદાયની મોટી વસ્તી વર્ષોથી શાંતિપૂર્વક અને સ્થાનિક જનતાના પ્રેમ તથા સન્માન સાથે જીવી રહી છે. સ્થાનિક લોકો પણ તેમને માન આપે છે.

પરંતુ હાલમાં બહારથી આવતા કેટલાક અજાણ્યા લોકો દ્વારા લગ્ન પ્રસંગો અને અન્ય કાર્યક્રમોમાં જઈ અડચણો ઊભી કરવામાં આવતી હોવાથી સમગ્ર માસીબા સમાજ પર આંગળી ચિંધાઈ રહી છે. જેના કારણે બરાનપુરામાં રહેતા વરિષ્ઠ અને જવાબદાર નાગરિકોને અકારણ શંકા અને વિરોધનો સામનો કરવો પડી રહ્યો છે. નિર્દોષ લોકોને પણ પરેશાની વેઠવી પડી રહી છે.

આગેવાનોએ જણાવ્યું હતું કે, સમાજના લોકો વર્ષોથી સ્થાનિક પરિવારો સાથે સારા સંબંધો જાળવીને સામાજિક પ્રસંગોમાં સહભાગી બને છે. કેટલાક લોકોની ગેરવર્તણૂકને કારણે સમગ્ર સમુદાયની છબી ખરડાય તે યોગ્ય નથી. અગાઉ વહીવટી તંત્ર અને પોલીસ દ્વારા સુરક્ષા પૂરી પાડવા બદલ આગેવાનોએ આભાર વ્યક્ત કર્યો હતો. સાથે જ બહારથી આવી ગેરવર્તણૂક કરતા અને બબાલ કરતા તત્વો પર કડક નજર રાખવાની માંગ કરી હતી.

સમાજના આગેવાનોએ સ્પષ્ટ માંગ કરી છે કે, જે વિસ્તારમાં જે જાણીતા માસીબા હોય તેમને જ ઓળખી આદર આપવામાં આવે, પરંતુ બહારથી આવતા તત્ત્વોના કારણે સમગ્ર સમાજને હેરાન કરવામાં ન આવે. સમાજના અસ્તિત્વ, સન્માન અને સુરક્ષા માટે તંત્ર વહેલી તકે યોગ્ય પગલાં ભરે તેવી ઉગ્ર રજૂઆત કરાઈ છે.

બે જૂથ વચ્ચેના વિવાદમાં ઝોયા કુવર કિન્નરને ફોન પર ધમકી, બે કિન્નર સામે ગુનો દાખલ

વડોદરામાં કિન્નર સમાજના બે જૂથ વચ્ચે જૂની અદાવતને પગલે વિવાદ વકર્યો છે. ચેલાવાડ વિસ્તારમાં યજમાનવૃત્તિ કરવા ગયેલા કિન્નર જૂથ સાથે મારામારી થયાના બનાવ બાદ મામલો પોલીસ સ્ટેશન સુધી પહોંચ્યો હતો. આ ઘટનાની અદાવત રાખી બીજા દિવસે વડોદરામાં રહેતી અમીષા કુંવર અને સિમરન કુંવરે ફોન કરીને ગાળો આપી હતી અને 'તું વડોદરામાં ફરી આવ કહી માર મારવાની તેમજ શહેર છોડી દેવાની ધમકી આપી હોવાની ફરિયાદ નવાપુરામાં રહેતી 35 વર્ષીય ઝોયાકુંવર બેબોકુંવર કિન્નરે નોંધાવી છે. ફરિયાદના આધારે પોલીસે બંને સામે તપાસ હાથ ધરી છે.

યુવકની હત્યા કરનાર મુખ્ય આરોપી જય શાહુ સહિત બેની ધરપકડ

ગોત્રી પોલીસે આરોપીના ૬ નવેમ્બર સુધીના પોલીસ કસ્ટડી રિમાન્ડ મેળવ્યા

આરોપીને સાથી રાખીને ઘટનાનું રિકન્સ્ટ્રક્શન કરાયું, હત્યા કરવા વપરાયેલૂ ચાકુ પણ કબજે

(પ્રતિનિધિ) વડોદરા, તા. 4

વડોદરા શહેરના ગોત્રી વિસ્તારમાં વ્રજ રેણુ હોસ્પિટલ સામે આવેલા જય માતાજી ટી-સ્ટોલ પર યુવરાજ ડોડિયાની ચપ્પુના ઘા ઝીંકી હત્યા કરવાના ચકચારી બનાવમાં પોલીસે મુખ્ય આરોપી જય ઉર્ફે ટિન્કુ બબલુ શાહુ અને તેની સાથે રહેલા પ્રદીપ જાદવ ધરપકડ કરી છે. બંનેને કોર્ટમાં રજૂ કરીને ડિમાન્ડની માંગણી કરતા કોર્ટે 6 તારીખ સુધીના રિમાન્ડ મંજૂર કર્યા છે બંને આરોપીને સાથે રાખી ઘટનાનો રીકન્સ્ટ્રક્શન કરતાં ચાકુ પણ કબજે કરાયું છે.

ગોત્રી વિસ્તારમાં જય માતાજી ટી-સ્ટોલ ચલાવે છે તેમણે નોંધાવેલી ફરિયાદ મુજબ ગત રોજ બપોરે આશરે ત્રણ વાગ્યાના અરસામાં યુવરાજ ખુરશી પર બેઠો હતો ત્યારે જય શાહુએ તેની સાથે ગાળાગાળી શરૂ કરી હતી. પોતાને કામ પર રાખવામાં આવતો નથી અને અન્ય યુવકોને કામ આપવામાં આવે છે તે મુદ્દે તેણે ઉગ્ર બોલાચાલી કરી હતી. દરમિયાન સરોજબેન સહિતના લોકોએ સમજાવવાનો પ્રયાસ કરતાં જયે તમામને જીવતા નહીં છોડવાની ધમકી આપી હતી. પ્રદીપ જાદવે યુવરાજને પકડી રાખ્યો હતો, જ્યારે જય શાહુએ કમરમાંથી ચપ્પુ કાઢી યુવરાજની છાતીમાં ઉપરાઉપરી ઘા ઝીંક્યા હતા. બચાવવા જતાં ફરી ચપ્પુનો ઘા મારવામાં આવ્યો હતો. લોહીલુહાણ હાલતમાં યુવરાજને તાત્કાલિક રિધમ હોસ્પિટલ લઈ જવાયો હતો, જ્યાં ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કર્યો હતો. આ બનાવ અંગે ગોત્રી પોલીસે હત્યાનો ગુનો નોંધી બે આરોપી ધરપકડ કરી વધુ તપાસ કરવામાં આવી રહી છે.

કોંગ્રેસ રેલીમાં ગેરહાજરી બદલ પવન ગુપ્તા સહિત ૪૯ હોદ્દેદારો સસ્પેન્ડ

(પ્રતિનિધિ) વડોદરા તા.4

દિલ્હીમાં 1 નવેમ્બરના રોજ રાહુલ ગાંધીની આગેવાનીમાં યોજાયેલી 'વોટ ચોરી' વિરોધી રેલીમાં ગેરહાજર રહેવા બદલ ગુજરાત યુથ કોંગ્રેસના 49 હોદ્દેદારોને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. સસ્પેન્ડ કરાયેલા હોદ્દેદારોમાં પ્રદેશ સેક્રેટરી સહિત 24 જિલ્લા યુથ કોંગ્રેસના પ્રમુખોનો સમાવેશ થાય છે. પક્ષના રાષ્ટ્રીય કાર્યક્રમમાં હાજરી નહીં આપવાની બાબતને ગંભીરતાથી લઈને પ્રદેશ સંગઠને આ કાર્યવાહી કરી છે. આ નિર્ણયથી યુથ કોંગ્રેસમાં ચર્ચા શરૂ થઈ છે.

આ કાર્યવાહી અંગે વડોદરાના યુથ કોંગ્રેસના હોદ્દેદાર પવન ગુપ્તાએ જણાવ્યું હતું કે, તેમના પિતાની આંખનું ઓપરેશન હોવાથી તેઓ દિલ્હી રેલીમાં હાજર રહી શક્યા નહોતા. આ અંગે તેમણે પ્રદેશ પક્ષને અગાઉથી જ સત્તાવાર રીતે ખુલાસો કરી દીધો હોવાનું પણ જણાવ્યું હતું.

વડોદરામાં દિલ જીતનારી દિવાળી

૧૬૦ મનોદિવ્યાંગ બાળકો સાથે ફટાકડા ફોડીને ઉજવી દિવાળી



બ્લેન્કેટથી લઈને ફટાકડા સુધીની કીટ, મીઠાઈ અને રોકડ સાથે દિવાળીની ભેટ

(પ્રતિનિધિ) વડોદરા તા.4

મહાવીર હોલ ચાર રસ્તા પાસે આવેલી આસ્થા ફાઉન્ડેશન સંચાલિત પરિવર્તન સ્કૂલ ફોર સ્પેશયલી એબલ્ડના 160 મનોદિવ્યાંગ બાળકો સાથે ડેપ્યુટી મેયર આદિત્ય પટેલે દિવાળીની ઉજવણી કરી હતી. બાળકોને બ્લેન્કેટ, કપડાં, બુટ, મીઠાઈ, ફરસાણ, ડ્રોઈંગ કીટ, રોકડ રકમ અને ફટાકડાની કીટનું વિતરણ કરાયું હતું. એક બાળકે ભોલેનાથનું ભજન ગાતાં ડેપ્યુટી મેયર ભાવુક બન્યા હતા. તેમણે જણાવ્યું હતું કે મનોદિવ્યાંગ બાળકોની સેવા એ ભગવાનની સેવા સમાન છે. આસ્થા ફાઉન્ડેશન છેલ્લા 16 વર્ષથી રેણુકાબેન પંચાલ અને ફાલ્ગુનીબેન રાઠવાના માર્ગદર્શન હેઠળ કાર્યરત છે. આ પ્રસંગે ઉપસ્થિત મહેમાનોએ બાળકો સાથે ફટાકડા ફોડી દિવાળીની ખુશીઓ વહેંચી હતી.

ખોરાક શાખાના દરોડા, 'શિવશક્તિ' અને 'કાન્હા ફરસાણ'માં અખાદ્ય સામગ્રીનો નાશ

વડોદરા : વડોદરા મહાનગરપાલિકાની ખોરાક શાખા દ્વારા શહેરમાં ખાદ્યપદાર્થોની ગુણવત્તા ચકાસવા સઘન તપાસ હાથ ધરાઈ હતી. મકરપુરા, માંજલપુર, ગોરવા, ખંડેરાવ માર્કેટ, આજવા રોડ સહિતના વિસ્તારોમાં 10 યુનિટોની તપાસ કરી કાજુ કતરી, માવો, સેવ, ચવાણું સહિતના 15 શંકાસ્પદ નમૂના લઈ લેબોરેટરીમાં મોકલાયા હતા. અકોટા, મુજમહુડા અને અક્ષરચોક વિસ્તારમાં ફૂડ સેફ્ટી ઓન વ્હીલ્સ દ્વારા 17 યુનિટોની તપાસ કરાઈ હતી. મુજમહુડાની શિવશક્તિ ફરસાણમાંથી 8 કિલો સિન્થેટિક કલરવાળી ચટણી અને 6 કિલો વાસી ફાફડાનો નાશ કરાયો હતો. કાન્હા સ્વીટ ફરસાણમાંથી વધુ TPC વેલ્યુ ધરાવતા 10 કિલો તેલનો પણ નાશ કરાયો હતો.

આધાર હાઉસિંગ ફાઇનાન્સ લિ.

કોર્પોરેટ ઓફિસઃ ઓફિસ નં. 501 & 503, 5મા માળે, લાઇટબ્રિજ, સાકી વિહાર રોડ, અંધેરી ઇસ્ટ, મુંબઈ સબર્બન (ડિસ્ટ.) મહારાષ્ટ્ર - 400072
ગોધરા બ્રાન્ચઃ શોપ નં. 3, 1લો માળ, શ્રી સ્વામિનારાયણ એવન્યુ, બામરોલી રોડ, ગોધરા, પંચમહાલ - 389001 (ગુજરાત).

ઇ-ઓક્શન - વેચાણ નોટિસ

સિક્યોરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એક્ટ, 2002ના નિયમ 8(6)ના પ્રોવિસો સાથે વંચાણમાં લેવાયેલ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, 2002ના પ્રાવધાન હેઠળ સ્થાવર મિલકતોના વેચાણ માટેની ઇ-ઓક્શન વેચાણ નોટિસ. આથી જાહેર જનતાને અને વિશેષ કરીને ઉધારકર્તા(ઓ) અને જામીનદાર(ઓ)ને સૂચના આપવામાં આવે છે કે નીચે વર્ણવેલ ગિરવે મૂકેલી સ્થાવર મિલકત, જેનો કબજો આધાર હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડના અધિકૃત અધિકારી દ્વારા લેવામાં આવ્યો છે, તે "જે છે જ્યાં છે", "જેવી છે તે સ્થિતિમાં" અને "જે કંઈ પણ છે તે સ્થિતિમાં"ના ધોરણે, કોઈ પણ પ્રકારના જાણીતા બોજા વિના વેચવામાં આવશે, જેની વિગતો નીચે મુજબ છેઃ

ક્રમ નં.	ઉધારકર્તા(ઓ) / સહ-ઉધારકર્તા(ઓ) / જામીનદાર(ઓ)	ડિમાન્ડ નોટિસ તારીખ અને રકમ	સ્થાવર મિલકતનું વર્ણન	રિઝર્વ પ્રાઇસ (RP)	EMD (RP ના 10%)	કબજાનો પ્રકાર
1	(લોન કોડ નં. 17610000389 / ગોધરા બ્રાન્ચ) કાર્તિકગિરી હેમંતગિરી ગોસાઇ (ઉધારકર્તા) પ્રીતિ ગોસાઇ (સહ-ઉધારકર્તા)	13-05-2026 & ₹ 13,42,648/-	એ જમીન અને મિલકતનો ટુકડો અને ભાગ, જે જીએફ હાઉસ નં. 28, શ્રી રામ વાટિકા - 2, મોજે હાલોલ VI - મઘાસર સબ ડિસ્ટ્રિક્ટ - હાલોલ, ડિસ્ટ. પંચમહાલ, ગુજરાત - 389330. સીમાઓઃ પૂર્વઃ આર.એસ. નં. 09, પશ્ચિમઃ રોડ, ઉત્તરઃ પ્લોટ નં. 29, દક્ષિણઃ પ્લોટ નં. 27	Rs. 11,30,688/-	Rs. 1,13,068/-	ભૌતિક

1. KYC, ટેન્ડર ફોર્મ અને સ્વીકૃત શરતો અને શરતો (ટેન્ડર દસ્તાવેજો) સાથે અર્નેસ્ટ મની ડિપોઝિટ (EMD)ના DD જમા કરાવવાની છેલ્લી તારીખ 25-11-2026ના રોજ સાંજે 05:00 વાગ્યા સુધી બ્રાન્ચ ઓફિસના સરનામે, જે ઉપર જણાવેલ છે અથવા https://bankeauctions.com પર અપલોડ કરવાની છે. છેલ્લી તારીખ પછી પ્રાપ્ત થયેલ ટેન્ડર દસ્તાવેજો અમાન્ય ગણવામાં આવશે અને તે મુજબ રદ કરવામાં આવશે. EMD પર કોઈ વ્યાજ ચૂકવવામાં આવશે નહીં.
2. મિલકત માટે બોલી/ઓફર (ઓક્શન તારીખ) ખોલવાની તારીખ 26-11-2026ના રોજ https://bankeauctions.com પર બપોરે 03:00 વાગ્યે છે.
3. AHFL ઉપર જણાવ્યા મુજબ મિલકત સંબંધિત કોઈપણ બાકી જવાબદારીઓ માટે જવાબદાર નથી. મિલકત "જે છે જ્યાં છે", "જેવી છે તે સ્થિતિમાં" અને "જે કંઈ પણ છે તે સ્થિતિમાં"ના ધોરણે હરાજી કરવામાં આવશે.
4. ડિમાન્ડ ડ્રાફ્ટ માત્ર "Aadhar Housing Finance Limited"ની તરફેણમાં બનાવવો જોઈએ.
5. ઓક્શન/બોલી લગાવવાની પ્રક્રિયા માત્ર વેબસાઇટ https://bankeauctions.com દ્વારા "ઓનલાઇન ઇલેક્ટ્રોનિક બિડિંગ" દ્વારા જ રહેશે. ઇ-ઓક્શન વેચાણ પ્રક્રિયામાં ભાગ લેતા પહેલા વિગતવાર શરતો માટે બિડર્સને વેબસાઇટની મુલાકાત લેવાની સલાહ આપવામાં આવે છે.
6. ઇચ્છુક બિડર્સે પોર્ટલ m/s C 1 INDIA PVT LTD પર લિંક https://bankeauctions.com/registration/signup દ્વારા તેમના નામ રજીસ્ટ્રાર કરવા પડશે અને કોઈ ખર્ચ વિના યુઝર આઇડી અને પાસવર્ડ મેળવવો પડશે. સંભવિત બિડર વેબસાઇટ https://bankeauctions.com પર સર્વિસ પ્રોવાઇડર m/s C 1 INDIA PVT LTD દ્વારા ઇ-ઓક્શનમાંથી ઓનલાઇન તાલીમ મેળવી શકે છે.
7. વધુ વિગતો માટે આધાર હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડના અધિકૃત અધિકારી, અમિતકુમાર સોની (સંપર્ક નં. 9913333214), અથવા સર્વિસ પ્રોવાઇડર M/s C 1 INDIA PVT LTD, શ્રી પ્રભાકરન, મોબાઇલ નં. +91-74182-81709, ઇમેઇલઃ tn@c1india.com & support@bankeauctions.com, ફોન નં. +917291981124 /25 /26 નો સંપર્ક કરો. આ તારીખે AHFLના અધિકૃત અધિકારીને વેચાણ, અલગ કરવા અને/અથવા કોઈપણ સ્થાવર મિલકતોના નિકાલથી રોકવા માટે કોઈ અદાલતી હુકમનામું અને/અથવા કોર્ટ ઇન્જંક્શન નથી.
8. વેચાણની વિગતવાર શરતો અને નિયમો માટે, કૃપા કરીને આધાર હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ (AHFL), સુરક્ષિત લેણાદારની વેબસાઇટ એટલે કે www.aadharhousing.com પર આપવામાં આવેલી લિંકનો સંદર્ભ લો.
9. હરાજી માટેની બિડ વધારાની રકમ રૂ. 10,000/- છે.
10. આ અખબારનું પ્રકાશન અને તેમાં રહેલો ડેટા આ સામગ્રીના સામાન્ય જાહેર પ્રસાર માટે છે, કોઈપણ સ્વરૂપમાં અથવા કોઈપણ માધ્યમ દ્વારા, ભલે તે મુદ્રિત, ડિજિટલ, ઇલેક્ટ્રોનિક પ્રકાશન કોઈપણ સ્વરૂપમાં, ઇ-મેઇલ અથવા વેબ પબ્લિકેશન્સ અથવા અન્યથા રીપ્રોડક્શન, વિતરણ, પ્રસારણ અથવા પુનઃપ્રકાશન, સંપૂર્ણ અથવા આંશિક રીતે, સખત પ્રતિબંધિત છે. કોઈપણ પદ્ધતિ દ્વારા ઉપરોક્ત સામગ્રીનો કોઈપણ અનધિકૃત ઉપયોગ AHFL દ્વારા યોગ્ય કાનૂની કાર્યવાહીમાં પરિણમી શકે છે.

એસડી/- અધિકૃત અધિકારી
આધાર હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ

સ્થળઃ ગુજરાત, તારીખઃ 05-11-2026

VMCના કાયમી વર્ગ-૪ કર્મીઓના ૪ કરોડનું એડહોક બોનસ મંજૂર

વડોદરા : દિવાળીના તહેવારની પૂર્વસંધ્યાએ વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા વર્ગ-૪ના કાયમી કર્મચારીઓ માટે મોટી ખુશખબર જાહેર કરવામાં આવી છે. કોર્પોરેશને વર્ગ-૪ના કર્મચારીઓને તહેવારોની ભેટ આપતાં રૂ.૪ કરોડનું એડહોક બોનસ ચૂકવવાનો મહત્વનો નિર્ણય કર્યો છે. રાજ્ય સરકારના નાણાં વિભાગના ઠરાવ અનુસાર, વર્ષ ૨૦૨૫-૨૬ માટે કર્મચારીઓને ૩૦ દિવસના વેતન જેટલું બોનસ મળશે. બોનસની મહત્તમ મર્યાદા રૂ.૭,૦૦૦ નક્કી કરાઈ છે. મ્યુનિસિપલ કમિશનર અરૂણ મહેશ બાબુએ આ અંગે હિસાબી શાખાને તાત્કાલિક કાર્યવાહી પૂર્ણ કરવા સૂચના આપી છે. આ બોનસનો લાભ માત્ર કાયમી વર્ગ-૪ના કર્મચારીઓને મળશે. ૩૧ માર્ચ ૨૦૨૬ના રોજ નોકરીમાં ચાલુ હોય અને ૨૦૨૫-૨૬ દરમિયાન ઓછામાં ઓછી ૬ મહિનાની સળંગ નોકરી પૂર્ણ કરી હોય તેવા કર્મચારીઓ આ માટે પાત્ર ઠરશે. બોનસની ગણતરી ૩૧ માર્ચ ૨૦૨૬ના રોજ મળવાપાત્ર મૂળ પગાર અને નોકરીના સમયગાળાના પ્રમાણમાં કરાશે.

નાણાંની ચુકવણી માટે ચોક્કસ સમયપત્રક નક્કી કરાયું છે. ૪ નવેમ્બરે આઈ.ટી. વિભાગમાંથી પત્રકો તૈયાર કરી, ૫ નવેમ્બરે ઓડિટ ચકાસણી અને ૬ નવેમ્બરે હિસાબી શાખાની મંજૂરી મેળવવાની રહેશે. તમામ પ્રક્રિયા પૂર્ણ કરી ૭ નવેમ્બરે બેંક મારફતે કર્મચારીઓના ખાતામાં રકમ જમા કરી દેવાશે. નિયત સમયમાં પત્રકો રજૂ ન કરનાર સંબંધિત અધિકારી સામે જવાબદારી નક્કી કરાશે.

વરણામા ગુરુકુળમાં ભક્તિભાવ સાથે દિવાળી ઉત્સવની ઉજવણી



વડોદરા : વરણામા સ્થિત શ્રી સ્વામિનારાયણ ગુરુકુળમાં દિવાળી વેકેશન પૂર્વે વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર દિવાળી ઉત્સવ ઉજવ્યો હતો. વિદ્યાર્થીઓએ ફટાકડા ફોડી આનંદ વ્યક્ત કર્યો હતો. ભગવાન સમક્ષ વિવિધ વાનગીઓનો સુંદર અન્નકૂટ તૈયાર કરી દર્શન યોજાયાં હતાં. પ્રભુ સ્વામીએ આરતી ઉતારી હતી. આ પ્રસંગે વિદ્યાર્થીઓએ નૃત્યો અને પ્રેરણાદાયી રૂપકો રજૂ કર્યા હતા. પ્રભુ સ્વામીએ આશીર્વચન આપતાં વેકેશનમાં સાદગીથી તહેવાર ઉજવવા, માતા-પિતા પર બિનજરૂરી આર્થિક બોજ ન નાખવા અને પરિવાર સાથે સંસ્કારમય સમય વિતાવવા માર્ગદર્શન આપ્યું હતું. વ્યસનમુક્તિ અને સદાચારી જીવનના સંદેશ સાથે ઉત્સવનું સમાપન થયું હતું. વિદ્યાર્થીઓ સંતોના આશીર્વાદ લઈ વેકેશન માટે ઘરે જવા રવાના થયા હતા.

શ્રી શ્રી રવિશંકરજી ૬થી ૧૩ નવેમ્બર ગુજરાતના પ્રવાસે



વડોદરા : આર્ટ ઓફ લિવિંગના સ્થાપક ગુરુદેવ શ્રી શ્રી રવિશંકરજી 6થી 13 નવેમ્બર દરમિયાન ગુજરાતની મુલાકાતે આવશે. આ દરમિયાન વાસદ, જેતપુર, અમદાવાદ અને પાટણમાં આધ્યાત્મિક કાર્યક્રમો યોજાશે. વાસદ આશ્રમમાં 6થી 12 નવેમ્બર સુધી અષ્ટલક્ષ્મી હોમ, રુદ્ર પૂજા, અન્નકૂટ અને દરરોજ સાંજે 6.30 કલાકે સત્સંગ યોજાશે. 8 નવેમ્બરે જેતપુરમાં મહાલક્ષ્મી હોમ, 12મીએ અમદાવાદમાં 'બિયોન્ડ નોલેજ' જ્ઞાનસત્ર અને 13મીએ પાટણમાં દેવી પૂજાનું આયોજન કરાયું છે. તમામ લોકો કાર્યક્રમોમાં ભાગ લઈ શકશે.

આધાર હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ

કોર્પોરેટ ઓફિસઃ ઓફિસ નં. 501 & 503, 5મો માળ, લાઇટબ્રિજ, સાકી વિહાર રોડ, અંધેરી ઈસ્ટ, મુંબઈ સબર્બન (ડિસ્ટ.), એમ.એચ. 400072
ગોધરા શાખાઃ શોપ નં. 3, 1લો માળ, શ્રી સ્વામિનારાયણ એવન્યુ, બામરોલી રોડ, ગોધરા, પંચમહાલ - 389001
કપડવંજ શાખાઃ FF/35, 1લો માળ, નેશનલ પ્લાઝા, જૂના બસ સ્ટેન્ડ ડેપોની અંદર, મોડાસા રોડ, કપડવંજ - 387620 (ગુજરાત)
નડિયાદ શાખાઃ શોપ નં. 04, 1લો માળ, પ્રાઇમ સ્ક્વેર, ખસરા નં. R.S. NO: 1154/A, કેનાલ પાસે અને DDIT યુનિવર્સિટી સામે, કોલેજ રોડ, નડિયાદ, ડિસ્ટ - ખેડા - 387001 (ગુજરાત)
વડોદરા શાખાઃ યુનિટ નં. SF-201, બીજો માળ, સિલ્વર ફોર્ચ્યુન બિલ્ડિંગ, જૈન મંદિર પાસે, અકોટા ગાય સર્કલ રોડ, અકોટા, વડોદરા - 390020 (ગુજરાત)

માંગણી નોટિસ

સિક્યોરિટીઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એક્ટ, 2002ની સેક્શન 13(2) સાથે વાંચો સેક્શન 3(1) ઓફ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, 2002 હેઠળ.

આધાર હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ (AHFL)ના અધિકૃત અધિકારીએ સિક્યોરિટીઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એક્ટ, 2002 (ઉક્ત એક્ટ)ની સેક્શન 13(12) અને સિક્યોરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, 2002ના રૂલ 3 હેઠળ પ્રાપ્ત થયેલી સત્તાઓની રૂએ નીચે જણાવેલ બોરોવર(ઓ) ("ઉક્ત બોરોવર(ઓ)") ને સંબંધિત માંગણી નોટિસ(ઓ)માં દર્શાવેલ રકમ ચૂકવવા જણાવતી સેક્શન 13(2) હેઠળની માંગણી નોટિસ(ઓ) ઇશ્યૂ કરેલ છે. તેના સંદર્ભમાં, આ નોટિસના પ્રકાશનની તારીખથી 60 દિવસની અંદર, ઉક્ત માંગણી નોટિસ(ઓ)માં દર્શાવેલ વિગત મુજબ, ચુકવણીની તારીખ અને/અથવા વસૂલાત સુધીના વધારાના વ્યાજ સાથે, ઉક્ત બોરોવર(ઓ) દ્વારા નિષ્પાદિત કરાયેલ લોન કરાર અને અન્ય દસ્તાવેજો/લેખિતો સાથે વાંચતા, અહીં નીચે દર્શાવેલ રકમ AHFLને ચૂકવવા માટે ઉક્ત બોરોવર(ઓ)ને ફરી એકવાર આથી નોટિસ આપવામાં આવે છે. લોનની યોગ્ય પરત ચુકવણી માટે સિક્યોરિટી તરીકે, નીચે જણાવેલ મિલકતો સંબંધિત બોરોવર(ઓ) દ્વારા AHFL પાસે ગીરો મૂકવામાં આવેલ છે.

અ. નં.	બોરોવર / કો-બોરોવર અને જામીનદારનું નામ	ડિમાન્ડ નોટિસની તારીખ અને રકમ	સિક્યોર્ડ એસેટ્સનું વર્ણન (સ્થાવર મિલકત)
1	(લોન કોડ નં. 03810000745 / વડોદરા શાખા) સજ્ઞીભાઈ કહાર (બોરોવર) પાયલબેન સજ્ઞીભાઈ કહાર (કો-બોરોવર)	05-10-2026 & ₹ 11,17,822/-	મિલકતનો તમામ ભાગ અને પાર્સલ, ફ્લેટ નં. 301, 3જો માળ, શ્રીનાથજી ફ્લેટ્સ, રતનપોળ રોડ, મોજે- કસબા, ડિસ્ટ - વડોદરા, ગુજરાત 390001. ચતુર્સીમાઃ પૂર્વ - રોડ, પશ્ચિમ - અન્ય મિલકત, ઉત્તર - હેમંત ગાંધીનું મકાન, દક્ષિણ - મધુબેન ભટ્ટનું મકાન.
2	(લોન કોડ નં. 17610000563 / ગોધરા શાખા) જીગરકુમાર નરેન્દ્રભાઈ ભાટિયા (બોરોવર) નરેન્દ્રકુમાર કનૈયાલાલ ભાટિયા & રાજેશ્વરીબેન નરેન્દ્રકુમાર ભાટિયા (કો-બોરોવર)	05-10-2026 & ₹ 9,34,196/-	મિલકતનો તમામ ભાગ અને પાર્સલ, પ્લોટ નં. 32, મિલકત નં. 32 પૈકી પશ્ચિમ તરફ, નમો રેસિડેન્સી, મોજે ગોધરા, ડિસ્ટ - પંચમહાલ, ગુજરાત 389001. ચતુર્સીમાઃ પૂર્વ - મૂળ જમીનનો બાકીનો ભાગ, પશ્ચિમ - પ્લોટ નં. 31, ઉત્તર - 7.50 મીટર રોડ, દક્ષિણ - આર.એસ. નં. 1137.
3	(લોન કોડ નં. 03800000362 / વડોદરા શાખા) કનકસિંહ સોમસિંહ પરમાર (બોરોવર) સોમાભાઈ મોહનભાઈ પરમાર & દીપકકુમાર કનકસિંહ પરમાર (કો-બોરોવર)	09-10-2026 & ₹ 5,90,858/-	મિલકતનો તમામ ભાગ અને પાર્સલ, મકાન નં. 59, વિટોજ ડેરી પાસે મંદિર ફળિયું, વિટોજ રોડ, તાલુકો હાલોલ, ડિસ્ટ - પંચમહાલ, ગુજરાત, 389350. ચતુર્સીમાઃ પૂર્વ - મનુભાઈ ઝવેરભાઈ પટેલનું મકાન, પશ્ચિમ - રોડ, ઉત્તર - ભરતસિંહ પ્રતાપસિંહનું મકાન, દક્ષિણ - દિનેશભાઈ સોનાભાઈનું મકાન.
4	(લોન કોડ નં. 03810000062 / વડોદરા શાખા) નરેન્દ્રસિંહ મહિડા (બોરોવર) ઉર્મિલાબેન મહિડા (કો-બોરોવર)	09-10-2026 & ₹ 4,54,895/-	મિલકતનો તમામ ભાગ અને પાર્સલ, ગ્રાઉન્ડ ફ્લોર અને ફર્સ્ટ ફ્લોર મિલકત નં. 163 (જૂની ગામતળ મિલકત નં. 122), રાઠોડ ફળિયા જગન્નાથ મહાદેવ મંદિર રોડ, મોજે - વદોદ, ડિસ્ટ - આણંદ, ગુજરાત, 388370. ચતુર્સીમાઃ પૂર્વ - રાઠોડ ફળિયા રોડ અને ત્યારબાદ સામેની બાજુ પરમાર રણછોડભાઈ મોતીભાઈનું મકાન, પશ્ચિમ - રોડ ધેન પંચોલી ખડકી, ઉત્તર - રાઠોડ પ્રવિણસિંહ શિવસિંહનું મકાન, દક્ષિણ - રાઠોડ કનકસિંહ સોમસિંહનું મકાન.
5	(લોન કોડ નં. 03910000074 / નડિયાદ શાખા) સંજયભાઈ મનુભાઈ પટેલ (બોરોવર) શીતલબેન સંજયભાઈ પટેલ (કો-બોરોવર)	09-10-2026 & ₹ 14,26,778/-	મિલકતનો તમામ ભાગ અને પાર્સલ, ગ્રાઉન્ડ ફ્લોર, પ્લોટ નં. 19, નારાયણ પાર્ક, પદરા ઘાયજ રોડ VI- - પાદરા, ડિસ્ટ - વડોદરા, ગુજરાત, 391440. ચતુર્સીમાઃ પૂર્વ - 291\2 જમીન પછી માર્જિન લેન્ડ, પશ્ચિમ - પ્લોટ નં. 18, ઉત્તર - 192 જમીન પછી માર્જિન લેન્ડ, દક્ષિણ - કોમન રોડ.
6	(લોન કોડ નં. 03810000353 & 03810000356 / વડોદરા શાખા) પિંકલબેન કાર્તિકભાઈ તાંબોળી (બોરોવર) કાર્તિકભાઈ સુરેશભાઈ તાંબોળી (કો-બોરોવર)	09-10-2026 & ₹ 23,81,814/-	મિલકતનો તમામ ભાગ અને પાર્સલ, ફ્લેટ નં. 303, ત્રીજો માળ, ટાવર - A, સમૃદ્ધિ સ્કાયરાઇઝ - 1, કલાલી - તલસાટ રોડ, ડિસ્ટ - વડોદરા, ગુજરાત, 390010. ચતુર્સીમાઃ પૂર્વ - ઓપન ટેરેસ/પ્રેસેજ, પશ્ચિમ - ફ્લેટ નં. B-303, ઉત્તર - ઓપન સ્પેસ/18 મીટર રોડ, દક્ષિણ - ફ્લેટ નં. A\302.
7	(લોન કોડ નં.: 17610000289 / ગોધરા શાખા) મુદાસરનાજર અહેમદભાઈ પિંજારા (બોરોઅર) તબસ્સુમ મુદાસરનાજર પિંજારા (કો-બોરોવર)	09-10-2026 & ₹ 23,76,358/-	મિલકતનું સરનામુંઃ તમામ ક્ષેત્રફળ અને હિસ્સાવાળી મિલકત જેનો પ્લોટ નં. 19, ગ્રાઉન્ડ ફ્લોર, રાજગોર સોસાયટી, ધાનપુર રોડ, બ્લોક નં. 19\A, તા. - દેવગઢ બારિયા, જિલ્લો - પંચમહાલ, ગુજરાત 389380. ચતુર્સીમા : પૂર્વ - કોમન પ્લોટ, પશ્ચિમ - પર્મેનન્ટ વિડે 7-50 મીટર રોડ, ઉત્તર - પ્રાઇવેટ પ્લોટ નં. 18, દક્ષિણ - શહેર બહારની સરહદ
8	(લોન કોડ નં.: 17610000344 / ગોધરા શાખા) છાકડા સઇદ સલીમ (બોરોઅર) છાકડા સલીમ, છાકડા ફિરોઝ આદમ & છાકડા ખૈરુન સલીમ (કો-બોરોવર)	09-10-2026 & ₹ 10,91,197/-	મિલકતનું સરનામુંઃ તમામ ક્ષેત્રફળ અને હિસ્સાવાળી મિલકત જેનો પ્લોટ નં. 28, આર.એસ. નં. 408\1, કસબા, ટીવી સ્ટેશન રોડ સામે, દયાલ રોડ, તા. - ગોધરા, જિલ્લો - પંચમહાલ, ગુજરાત 389001 ચતુર્સીમા : પૂર્વ - તે તરફનો રોડ, પશ્ચિમ - તે તરફનો પ્રાઇવેટ પ્લોટ નં. 23, ઉત્તર - તે તરફનો સરવે નં. 417, દક્ષિણ - તે તરફનો પ્રાઇવેટ પ્લોટ નં. 27
9	(લોન કોડ નં.: 48110000069 / કપડવંજ શાખા) મહેશભાઈ અશ્વિનભાઈ મછી (બોરોઅર) સંગીતાબેન મહેશભાઈ મછી (કો-બોરોવર)	09-10-2026 & ₹ 3,99,699/-	મિલકતનું સરનામુંઃ તમામ ક્ષેત્રફળ અને હિસ્સાવાળી મિલકત જેનો ઘર નં.: 1595, મિલકત નં.: 924, પારેખ ફળિયું, નાદિસાર રોડ, મુ. નાદિસાર, તા. - ગોધરા, જિલ્લો - પંચમહાલ, ગુજરાત - 388710. ચતુર્સીમા : પૂર્વ - મહેતાભાઈ ઠાકોરનું મકાન આવેલું છે, પશ્ચિમ - મહેશભાઈ શાંતિભાઈનું મકાન આવેલું છે, ઉત્તર - રોડ આવેલો છે, દક્ષિણ - દિનેશભાઈ રમેશભાઈ મછીનું મકાન આવેલું છે.

જો ઉક્ત ઋણધારકો AHFLને દર્શાવ્યા મુજબ ચુકવણી કરવામાં નિષ્ફળ જશે, તો AHFL આ કાયદાની કલમ 13(4) અને લાગુ પડતા નિયમો હેઠળ ગીરો મિલકતો સામે આગળની કાર્યવાહી કરશે, જે સંપૂર્ણપણે સદર ઋણધારકોના જોખમે અને પરિણામો તથા ખર્ચને આધીન રહેશે. સદર ઋણધારકોને આ કાયદા હેઠળ AHFLની પૂર્વ લેખિત સંમતિ વિના વેચાણ, લીઝ કે અન્ય કોઈ રીતે ઉક્ત મિલકતોની ટ્રાન્સફર કરવા પર મનાઈ ફરમાવવામાં આવે છે. જે કોઈ વ્યક્તિ આ કાયદા અથવા તેના નિયમોની જોગવાઈઓનો ભંગ કરશે અથવા તેમાં મદદ કરશે, તે કાયદા હેઠળની જોગવાઈ મુજબ કેદ અને/અથવા દંડની શિક્ષાને પાત્ર બનશે.

સ્થળઃ ગુજરાત
તારીખઃ 05-11-2026

સહી/- સત્તાવાર અધિકારી
આધાર હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ માટે

ગુજરાત કિડની એન્ડ સુપરસ્પેશિયાલિટી લિમિટેડ

અગાઉ ગુજરાત કિડની એન્ડ સુપરસ્પેશિયાલિટી પ્રાઇવેટ લિમિટેડ / અગાઉ વિહાન મેડિકેર પ્રાઇવેટ લિમિટેડ તરીકે ઓળખાતી
(CIN : L85300GJ2019PLC111559)
રજિ. ઓફિસઃ પ્લોટ નં. 1, સીટી સર્વે નં. 1537/A, ગોકક મિલ કમ્પાઉન્ડ, જેતલપુર રોડ, અલકાપુરી, વડોદરા - 390020, ગુજરાત, ભારત
ફોનઃ 265-29814 800 / +91 9687079991 ઈમેલઃ info@gujaratsuperspecialityhospital.com / www.gujaratsuperspecialityhospital.com

સપ્ટેમ્બર 2026ના રોજ પૂરા થયેલા ત્રિમાસિક ગાળા માટેના અન-ઓડિટેડ સ્ટેન્ડઅલોન અને કન્સોલિડેટેડ નાણાકીય પરિણામોનો સારાંશ

ગુજરાત કિડની એન્ડ સુપરસ્પેશિયાલિટી લિમિટેડ ("કંપની")ના બોર્ડ ઓફ ડિરેક્ટર્સે 04 નવેમ્બર, 2026ના રોજ યોજાયેલી તેમની મીટિંગમાં SEBI (લિસ્ટિંગ ઓબ્લિગેશન્સ એન્ડ ડિસ્કલોઝર રિક્વાયરમેન્ટ્સ) રેગ્યુલેશન્સ, 2015ના રેગ્યુલેશન 33ના સંદર્ભમાં નિયત લિમિટેડ રિવ્યુ રિપોર્ટ સાથે 30 સપ્ટેમ્બર, 2026ના રોજ પૂરા થયેલા બીજા ત્રિમાસિક અને છ મહિનાના ગાળા માટેના કંપનીના અન-ઓડિટેડ નાણાકીય પરિણામો (સ્ટેન્ડઅલોન અને કન્સોલિડેટેડ)ને મંજૂરી આપી છે.

30 સપ્ટેમ્બર, 2026ના રોજ પૂરા થયેલા બીજા ત્રિમાસિક અને છ મહિનાના ગાળા માટેના અન-ઓડિટેડ નાણાકીય પરિણામોનું સંપૂર્ણ ફોર્મેટ કંપનીની વેબસાઇટઃ www.gujaratsuperspecialityhospital.com અને સ્ટોક એક્સચેન્જો BSE લિમિટેડ અને નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઇન્ડિયા લિમિટેડની વેબસાઇટ્સ પર ઉપલબ્ધ છે.

વેબસાઇટ પર પરિણામો નીચે આપેલા ક્વિક રિસ્પોન્સ કોડ (QR કોડ)ને સ્કેન કરીને પણ જોઈ શકાય છેઃ

ગુજરાત કિડની એન્ડ સુપરસ્પેશિયાલિટી લિમિટેડના બોર્ડ ઓફ ડિરેક્ટર્સ વતી અને તેમના વતી
સહી/-
પ્રજ્ઞેશ ભારપોડા
મેનેજિંગ ડિરેક્ટર (DIN: 01033141)

તારીખઃ 04.11.2026 | સ્થળઃ વડોદરા

આધાર હાઉસીંગ ફાઇનાન્સ લી.

કોર્પોરેટ ઓફિસઃ ઓફિસ નંબર ૫૦૧ અને ૫૦૩, ૫મો માળ, લાઇટબ્રિજ, સાકી વિહાર રોડ, અંધેરી ઇસ્ટ, મુંબઈ સબર્બન (ડિસ્ટ.) એમ.એચ. ૪૦૦૦૭૨
ગોધરા શાખાઃ શોપ નંબર ૩, ૧લો માળ, શ્રી સ્વામિનારાયણ એવન્યુ, બામરોલી રોડ, ગોધરા, પંચમહાલ, ગુજરાત-૩૮૯૦૦૧
વડોદરા શાખાઃ યુનિટ નંબર એસએફ-૨૦૧, બીજો માળ, સિલ્વર ફોર્ચ્યુન બિલ્ડીંગ, જૈન મંદિર પાસે, અકોટા કાઉ સર્કલ રોડ, અકોટા, વડોદરા, ગુજરાત. ૩૯૦૦૨૦

ઈ-હરાજી - વેચાણ નોટિસ

સિક્યોરિટાઇઝેશન એન્ડ રીકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, 2002 હેઠળ સ્થાવર મિલકતોના વેચાણ માટે ઈ-હરાજી વેચાણ નોટિસ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, 2002ના રૂલ 8 (6)ની જોગવાઈ સાથે વાંચતા. આથી જાહેર જનતાને સામાન્ય રીતે અને વિશેષરૂપે દેવાદાર(રો) અને જામીનદાર(રો)ને નોટિસ આપવામાં આવે છે કે નીચે વર્ણવેલ સ્થાવર મિલકત આધાર હાઉસીંગ ફાઇનાન્સ લિમિટેડના અધિકૃત અધિકારી દ્વારા કબ્જે કરવામાં આવેલ છે, તેનું વેચાણ "જે જ્યાં છે જ્યાં સુધી છે", "જે જેમ છે તેમ", અને "જે કંઈ પણ ત્યાં છે તે" ધોરણે કોઈ પણ જાણીતા બોજા વિના કરવામાં આવશે, જેની વિગતો નીચે મુજબ છેઃ

ક્રમ સં.	દેવાદાર(રો) / સહ-દેવાદાર(રો) / જામીનદાર(રો)	ડીમાન્ડ નોટિસ તારીખ અને રકમ	સ્થાવર મિલકતનું વર્ણન	અનામત કિંમત (RP)	EMD (RP ના 10%)	કબ્જાનો પ્રકાર
1	(લોન કોડ નં. 17610000309/ ગોધરા શાખા) પઠાણ હુસેન ખાન (દેવાદાર) પઠાણ રાજિયાબીબી (સહ-દેવાદાર)	14-04-2026 & ₹ 17,06,768/-	મિલકતનો તમામ ભાગ અને પાર્સલ, ગ્રાઉન્ડ ફ્લોર, ફર્સ્ટ ફ્લોર હાઉસ નં. 11, પ્લોટ નં. 11 (1/565/Ca/3/A) ભીસ્તી ખાડી ફળિયા કાદીફળિયા, હુસેની મસ્જિદ રેલ્વે કોલોની પાસે તા - ગોધરા ડિસ્ટ - પંચમહાલ ગુજરાત, 389001 સીમાઓઃ પૂર્વ - ખુલ્લી ચાલ 3 ફીટ વાળી, પશ્ચિમ - પહોળો 6.00 મીટર રોડ, ઉત્તર - આર.એસ.નં. 1255 ની સરહદ, દક્ષિણ - પ્લોટ નં. 10	Rs. 16,00,800/-	Rs. 1,60,080/-	પ્રત્યક્ષ
2	(લોન કોડ નં. 03810000695/ વડોદરા શાખા) વિમલકુમાર ગુપ્તા (દેવાદાર) વૈશાલીબેન ગુપ્તા (સહ-દેવાદાર)	03-06-2026 & ₹ 21,64,499/-	મિલકતનો તમામ ભાગ અને પાર્સલ, હાઉસ/પ્લોટ નં. 25 ગ્રાઉન્ડ ફ્લોર ગજાનંદ રેસિડેન્સી હાલોલ ગોધરા રોડ મોજે - કંજરી તા - હાલોલ ડિસ્ટ - પંચમહાલ ગુજરાત 389350 સીમાઓઃ પૂર્વ - હાઉસ નં. 26, પશ્ચિમ - હાઉસ નં. 24, ઉત્તર - 6 મીટર પહોળો રોડ, દક્ષિણ - કોમન પ્લોટ	Rs. 19,01,440/-	Rs. 1,90,144/-	પ્રત્યક્ષ

1. કેવાયસી, ટેન્ડર ફોર્મ અને સ્વીકારેલ નિયમો અને શરતો (ટેન્ડર દસ્તાવેજો) સાથે અર્નેસ્ટ મની ડિપોઝિટ (EMD) નું ડીડી સબમિટ કરવાની અંતિમ તારીખ 09-12-2026 સાંજે 5:00 વાગ્યા સુધીમાં અહીં દર્શાવેલ શાખા કાર્યાલયના સરનામે અથવા https://bankeauctions.com પર અપલોડ કરવાની રહેશે. અંતિમ તારીખ પછી મળેલા ટેન્ડરો અમાન્ય ગણાશે અને તદનુસાર રદ કરવામાં આવશે. EMD પર કોઈ વ્યાજ ચૂકવવામાં આવશે નહીં.
2. મિલકત માટે બીડ/ઓફર ખોલવાની તારીખ (હરાજી તારીખ) 10-12-2026 બપોરે 03:00 કલાકે https://bankeauctions.com પર છે.
3. AHFL ઉપર ઉલ્લેખિત મિલકત પરની કોઈ પણ જવાબદારીઓ માટે જવાબદાર રહેશે નહીં. મિલકતની હરાજી 'જે જ્યાં છે જ્યાં સુધી છે', 'જે જેમ છે તેમ' અને 'જે કંઈ પણ ત્યાં છે તે' ધોરણે કરવામાં આવશે.
4. ડિમાન્ડ ડ્રાફ્ટ ફક્ત 'Aadhar Housing Finance Limited' ના નામે હોવો જોઈએ.
5. હરાજી/બીડીંગ માત્ર https://bankeauctions.com વેબસાઈટ દ્વારા "ઓનલાઈન ઈલેક્ટ્રોનિક બીડીંગ" દ્વારા થશે. બોલી લગાવનારાઓને વિગતવાર કાર્યવાહી માટે વેબસાઈટ જોવાની સલાહ આપવામાં આવે છે.
6. ઈચ્છુક બોલીદાતાઓએ https://bankeauctions.com/registration/signup લિંક દ્વારા સેવા પ્રદાતા M/s C 1 INDIA PVT LTD પાસે તેમના નામ નોંધાવવાના રહેશે, અને તેમનો યુઝર આઈડી અને પાસવર્ડ મફત મેળવવાનો રહેશે. સંભવિત બોલીદાતા સેવા પ્રદાતા M/s C 1 INDIA PVT LTD પાસેથી વેબસાઈટ https://bankeauctions.com દ્વારા ઈ-હરાજી પર ઓનલાઈન ટ્રેનિંગ મેળવી શકે છે.
7. વધુ વિગતો માટે આધાર હાઉસીંગ ફાઇનાન્સ લિમિટેડના અધિકૃત અધિકારી, પંડિત પ્રદીપ પચૌરી (સંપર્ક નં. 9111131122) અને અમિતકુમાર સોની (સંપર્ક નં. 9913333214) અથવા સેવા પ્રદાતા M/s C1 INDIA PVT LTD, શ્રી પ્રભાકરન, મોબાઈલ નંઃ +91-74182-81709, ઈ-મેલઃ tn@c1india.com અને support@bankeauctions.com, ફોન નં. +917291981124 /25 /26નો સંપર્ક કરવો. આજની તારીખે, AHFL/AHFL ના અધિકૃત અધિકારીને ઉપરોક્ત મિલકતો/સુરક્ષિત અસ્કયામતોના વેચાણ, ટ્રાન્સફર અથવા નિકાલ કરવાથી રોકતો કોઈ સ્ટે ઓર્ડર અને/ કોર્ટનો મનાઈહુકમ નથી.
8. વેચાણના વિગતવાર નિયમો અને શરતો માટે, કૃપા કરીને આધાર હાઉસીંગ ફાઇનાન્સ લિમિટેડ (AHFL), સુરક્ષિત લેણદારની વેબસાઈટ એટલે કે www.aadharhousing.com પર આપેલી લિંક જુઓ.
9. હરાજી માટે ન્યૂનતમ બીડ વધારો રૂ.10,000/- છે.
10. આ અખબાર પ્રકાશન અને તેમાં સમાવિષ્ટ ડેટા સામાન્ય જનતાના પ્રસાર માટે છે. કોઈપણ પ્રિન્ટ, ડિજિટલ, ઈલેક્ટ્રોનિક પબ્લિકેશન અથવા અન્ય કોઈ માધ્યમથી આ સામગ્રીનું સંપૂર્ણ અથવા આંશિક રીતે પુનઃઉત્પાદન, વિતરણ, ટ્રાન્સમિશન અથવા પુનઃપ્રકાશન સખત રીતે પ્રતિબંધિત છે. આ સામગ્રીનો કોઈપણ અનધિકૃત ઉપયોગ કાનૂની કાર્યવાહીને પાત્ર બનશે.

સહી/- અધિકૃત અધિકારી
આધાર હાઉસીંગ ફાઇનાન્સ લિમિટેડ

સ્થળઃ ગુજરાત, તારીખઃ 05.11.2026